### સાવલીના મેવલીયાપુરામાં જૂથ અથડામણ: ઇન્સ્ટાગ્રામ પોસ્ટ મુદ્દે ધીંગાણું, ચાર ઈજાગ્રસ્ત


# મેવલીયાપુરામાં બે જૂથ વચ્ચે પથ્થરમારો, 19 સામે ફરિયાદ

**DJ સાઉન્ડની હરીફાઈમાં ગામ બન્યું બાન: ચાર ઈજાગ્રસ્ત**

(પ્રતિનિધિ) સાવલી, તા.11

સાવલી તાલુકાના મેવલીયાપુરા ગામમાં સોશિયલ મીડિયા પોસ્ટને લઈને બે સમાજ વચ્ચે થયેલ જૂથ અથડામણમાં સામસામે બંને જૂથની ફરિયાદ ના આધારે કુલ 19 સામે રાયોટીંગ ની ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ સાવલી તાલુકાના મેવલીયાપુરા ગામમાં સોશિયલ મીડિયા પર ડીજે સાઉન્ડ ગ્રુપ અંગે કરાયેલી પોસ્ટને લઈને બે સમાજ વચ્ચે તણાવ પેદા થયો હતો અને ઈન્સ્ટાગ્રામ પર મૂકેલી વિવિધ નો પોસ્ટ વિવાદ છેલ્લા પંદર દિવસથી ચાલતો હતો અને તેના ભાગરૂપે ગત રાત્રિના સમયે ભોઈ સમાજ અને ક્ષત્રિય સમાજ વચ્ચે ધીંગાણું સર્જાયું હતું.જેમાં બંને પક્ષો વચ્ચે બોલાચાલી બાદ મામલો પથ્થરમારો થયો હતો. ઘટનામાં ચાર વ્યક્તિઓને ઈજા થઈ હતી સ્થાનિકો દ્વારા જાણવા મળ્યા મુજબ ગામમાં કાર્યરત VSR અને PS નામના બે સાઉન્ડ સિસ્ટમ ( ડી જે ) છે જે પૈકી એક ગ્રુપનું સાઉન્ડ વધુ સારું છે અને બીજું ખરાબ છે તેવી પોસ્ટ સોશિયલ મીડિયા પર મૂકવામાં આવી હતી. આ પોસ્ટને કારણે બંને જૂથોમાં વિવાદ શરૂ થયો




હતો, જે બાદમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરીને પથ્થરમારા સુધી પહોંચ્યો હતો.

ઘટનાની જાણ થતા ભાદરવા પોલીસ સ્ટેશનની ટીમ સાથે સાવલી અને જિલ્લા પોલીસનો કાફલો તાત્કાલિક મેવલીયાપુરા ગામે દોડી ગયો હતો. પોલીસે પરિસ્થિતિ કાબૂમાં લઈને ગામમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો. ઘટનાના પગલે સમગ્ર ગામમાં ભારે તંગદિલી ભર્યો માહોલ છવાઈ ગયો હતો. આ મામલે ભાદરવા પોલીસ સ્ટેશનમાં બંને પક્ષે સામસામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે કુલ 19 વ્યક્તિઓ સામે ગુનો દાખલ કર્યો છે, સમગ્ર મામલે તપાસ ચાલુ છે. મહેન્દ્રસિંહ ફતેસિંહ સોલંકી ની ફરિયાદના આધારે 10 શખ્સો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## DJ હરીફાઈમાં નિયમો નેવે: સુપ્રીમ કોર્ટના આદેશનો સરેઆમ ભંગ

લગ્નસરાની સિઝનમાં ડીજે વગાડવાની ફેશન થઈ ગઈ છે અને તેના પગલે આ વ્યવસાયમાં ગળાકાપ સ્પર્ધા પણ વધી છે અને ભારે ધ્વનિ પ્રદૂષણ થઈ રહ્યું છે નામદાર સુપ્રીમ કોર્ટે નિયત કરેલ ડેસીબલ વોલ્યુમ થી વધુ પર પ્રતિબંધ છે પરંતુ તાલુકામાં છડે ચોક સુપ્રીમ કોર્ટનો હુકમનો અનાદર થઈ રહ્યો છે ત્યારે તંત્ર દ્વારા યોગ્ય તપાસ અને કાળજી રાખવામાં આવે તો આ પ્રકારની ઘટનાઓ પર અંકુશ આવવાની શક્યતાઓ છે અને ધંધાની હરીફાઈમાં સમગ્ર ગામ ને બાન માં લેતા તત્વો સામે તંત્ર લાલ આંખ કરે તેવી માંગ ઉઠી છે.

# કદવાલના ચૂલીમાં આદિવાસી રીત-રિવાજ સાથે સમૂહલગ્ન



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.11

સારા કામ માટે પહેલ કરવી જરૂરી છે સારા લોકો નો સહયોગ હંમેશા મળતો જ રહે છે તે ઉક્તિ ને સાર્થક કરતો ઈકો યુનિટી ટ્રાયબલ પ્રોગ્રેસ ઈનિશિયેટીવ ચેરિટેબલ ટ્રસ્ટ છોટાઉદેપુર દ્વારા આયોજિત દ્વિતીય સમુહલગ્ન સુંદર અને સુચારુ રીતે સંપન્ન થયા છે, કદવાલ તાલુકાના ચૂલી ખાતે આયોજિત દ્વિતીય સમુહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સાંસદ, ધારાસભ્ય, પૂર્વ રેલ રાજ્યમંત્રી, રાજકીય આગેવાનો, સામાજિક આગેવાનો અને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો સહીત ખુબ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા, છ જોડાં માટે યોજાયેલ સમુહલગ્નમાં આદિવાસી રિત રિવાજ મુજબ નોતરાંથી શરુઆત કરી તેલ પીઠી ચોળી, ખત્રી પૂર્વજો નું પૂજન,સિમોડી પૂજન,ગોતરેડો પૂજન, જાન પ્રસ્થાન, ઘરેણું વખાણવા, પાણીબેડુ, ટોડે લેવા, કલવો, પાટલો, સાત ફેરા, કન્યાદાન તેમજ સંગ-વિદાય સહિત ના તમામ રિત રિવાજ આદિવાસી પરંપરા મુજબ સમાજના પટેલ-પૂજારા -ડાહ્યા દ્વારા આટોપવા માં આવી હતી.

### છોટાઉદેપુર જિલ્લા માહિતી અધિકારી સામે પત્રકારોમાં ભારે આક્રોશ

# છોટાઉદેપુરના પત્રકારોએ 3 દિવસમાં ઉકેલ ન આવતા આંદોલનની ચીમકી આપી

**માહિતી વિભાગના WhatsApp ગ્રુપમાંથી પત્રકારોનો સામૂહિક બહિષ્કાર**

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, પાવીજેતપુર, સંખેડા, તા.11

છોટાઉદેપુર જિલ્લામાં કાર્યરત પત્રકારો અને માહિતી વિભાગ વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલો ગજગ્રાહ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. ગુજરાત મીડિયા એસોસીએશનના નેજા હેઠળ જિલ્લાના તમામ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓએ જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર પાઠવી માહિતી નિયામક માર્ગીબેન રાજપૂત સામે ગંભીર આક્ષેપો કર્યા છે અને તટસ્થ તપાસની માંગ કરી છે. જ્યારેથી





જિલ્લામાં સહાયક માહિતી નિયામક તરીકે માર્ગીબેન રાજપૂતે પદભાર સંભાળ્યો છે, ત્યારથી માહિતી વિભાગ વિવાદોનું કેન્દ્ર બન્યો છે. પત્રકારોનો આક્ષેપ છે કે અધિકારી દ્વારા પત્રકારો તેમજ કચેરીના સ્ટાફ સાથે પણ અશોભનીય વર્તન અને તોછડી ભાષાનો પ્રયોગ કરવામાં આવે છે. પત્રકારોએ જણાવ્યું હતું કે, અધિકારીને આ અંતરિયાળ અને આદિવાસી વિસ્તારમાં ફરજ બજાવવી ન હોય, તેઓ પોતાની બદલી કરાવવા માટે જાણી જોઈને વિવાદો ઉભા કરી રહ્યા છે.પત્રકારોએ વધુમાં આક્ષેપ કર્યો છે કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ દરમિયાન પાસ આપવામાં પક્ષપાતભરી નીતિ અપનાવવામાં આવી હતી.

સરકારના મહત્વના કાર્યક્રમોની માહિતી પત્રકારોને સમયસર આપવામાં આવતી નથી માહિતી વિભાગના ઓફિશિયલ ગ્રુપમાં પોતાની મરજી મુજબના પત્રકારોને રાખી અન્યોને બાકાત રાખવામાં આવે છે. અને પ્રેસ નોટ મોડી સાંજે આપીને સરકારના પોઝિટિવ પ્રચારને રોકવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે જેવી વિવિધ માંગણીઓને લઈ ગુજરાત મીડિયા એસોસીએશનના પ્રમુખ અને ઉપપ્રમુખની સાથે અપાયેલા આ આવેદનમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે, જો આગામી ૩ દિવસમાં આ બાબતે યોગ્ય નિરાકરણ નહીં આવે, તો પત્રકારો ઉગ્ર આંદોલન કરશે વિરોધના પ્રથમ તબક્કા તરીકે તમામ પત્રકારો કાળી પટ્ટી બાંધી વિરોધ નોંધાવ્યો હતો અને માહિતી વિભાગના સત્તાવાર વોટ્સએપ ગ્રુપમાંથી લેફ્ટ થઈ ગયા હતા જો ન્યાય નહીં મળે તો પત્રકારો રાજ્યના મુખ્યમંત્રીને રૂબરૂ મળીને રજૂઆત કરશે જ્યારે આ બાબતે સાંસદ જશુંભાઈ રાઠવાનાઓને પણ લેખિત રજૂઆત કરી પ્રશ્ન હલ કરવા માંગ કરી છે.

# ભરથાણા ગામે લગ્નના વરઘોડા દરમિયાન બબાલ , ગામમાં તણાવનો માહોલ સર્જાયો

**સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા દરબાર અને આદિવાસી સમાજ આમને-સામને આવ્યા**

**કરજણ પોલીસે તાત્કાલિક પહોંચી મામલો થાળે પાડ્યો, ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો**

(પ્રતિનિધિ) કરજણ, તા.11

કરજણ તાલુકાના ભરથાણા ગામમાં લગ્ન પ્રસંગ દરમિયાન નીકળેલા વરઘોડાને લઈને બે જૂથ વચ્ચે ઉગ્ર બબાલ સર્જાતા ગામમાં તણાવનો માહોલ ઉભો થયો હતો. સામાન્ય બોલાચાલી જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ





ધારણ કરતા દરબાર સમાજ અને આદિવાસી સમાજના લોકો સામસામે આવી ગયા હતા, જેના કારણે ગામમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

મળતી માહિતી મુજબ ભરથાણા ગામમાં આદિવાસી સમાજના ઘરે લગ્ન પ્રસંગ હોવાથી વરઘોડો નીકળ્યો હતો. દરમિયાન કોઈ સામાન્ય બાબતે બોલાચાલી શરૂ થઈ હતી. શરૂઆતમાં મામલો સામાન્ય લાગતો હતો, પરંતુ થોડા જ સમયમાં બંને પક્ષ વચ્ચે ઉશ્કેરાટ વધતા વાતાવરણ ગરમાયું હતું.

સ્થાનિકોના જણાવ્યા મુજબ બંને જૂથ વચ્ચે ભારે હોબાળો અને ધક્કામુક્કીની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાને કારણે ગામમાં લોકોમાં ભય અને તણાવનો માહોલ ફેલાઈ ગયો હતો.

ઘટનાની જાણ થતા જ કરજણ પોલીસ તાત્કાલિક ભરથાણા ગામે પહોંચી ગઈ હતી અને બંને પક્ષોને સમજાવી પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. હાલ ગામમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે લોખંડી અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

પ્રાથમિક માહિતી મુજબ સમગ્ર મામલે એટ્રોસિટી તેમજ રાયોટિંગ હેઠળ ગુનો નોંધાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. પોલીસ દ્વારા બંને પક્ષોના નિવેદનો લેવામાં આવી રહ્યા છે અને સમગ્ર ઘટનાની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# નસવાડી MGVCLની લાપરવાહી સામે લોકોમાં આક્રોશ, આખી રાત વીજળી ગુલ

**નસવાડીમાં મોડી રાત્રે હાઈટેન્શન લાઈનમાં ભડાકો; અધિકારીઓ લાપત્તા થતા રોષ**

(પ્રતિનિધિ) નસવાડી, તા.11

નસવાડીમાં મધ્ય ગુજરાત વીજ કંપનીની ગંભીર બેદરકારી સામે આવી છે. રવિવાર ના રોજ રાત્રી ના સમયે મધ્યગુજરાત વીજકંપની ના જવાબદાર અધિકારીઓ લાપત્તા બનતા સ્થાનિક લોકોમાં ભારે રોષ ફેલાયો હતો.

નસવાડી ટાઉનના સરકાર ફળિયા ચાર રસ્તા પાસે, વિસ્તાર માં આવેલ સૂરજબા કોમ્પ્લેક્સ સામે આવેલ વીજપોલ ઉપર



અચાનક હાઈટેન્શન જીવંત વાયરમાં ભયાનક આગનો ભડકો થયો હતો જેના કારણે આખા વિસ્તાર ની વીજળી ગુલ થઈ ગઈ હતી જ્યારે સ્થળ ઉપર અફરા તફરીનો માહોલ પણ સર્જાઈ ગયો હતો અને લોકોમાં દહેશત ફેલાઈ ગઈ હતી. જ્યારે જીવંત હાઈટેન્શન લાઈન નો વાયર અચાનક તૂટી પડ્યો હતો અને તે જ સમયે પસાર થઈ રહેલા બાઈક સવાર દંપતી ઉપર વાયર પડતા મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેવી સ્થિતિ હતી પરંતુ સમય સૂચકતા દેખાડી દંપતી બાઈક ઉપર થી કૂદી જતા તેમનો જીવ બચી ગયો હતો. જો થોડું પણ મોડું થયું હોત તો મોટી જાનહાનિ સર્જાઈ શકે તેવી પરિસ્થિતિ હતી.

જ્યારે આ ઘટનાના કારણે સરકાર ફળિયા ચાર રસ્તા વિસ્તાર સહિત આસપાસના વિસ્તારોમાં વીજલાઈન માં ફોલ્ટ સર્જાતા અનેક મકાનોનો વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. જ્યારે ગરમી અને અંધકાર વચ્ચે સ્થાનિક લોકોની રાત હરામ થઈ ગઈ હતી, જ્યારે આખી રાત દરમિયાન કોઈ પણ મધ્યગુજરાત વીજકંપની ના જવાબદાર અધિકારી સ્થળ ઉપર પહોંચ્યા ના હતા.

### શિનોરમાં 4 દિવસીય સમર કેમ્પ શરૂ

# બ્રહ્માકુમારીઝ દ્વારા 'દિવ્ય સંસ્કાર સમર કેમ્પ'નો શુભારંભ

(પ્રતિનિધિ) શિનોર, તા.11

ઓમ શાંતિ બ્રહ્માકુમારી દ્વારા આયોજિત દિવ્ય સંસ્કાર સમર કેમ્પ શિનોરમાં આજે શુભ ઉદ્ઘાટન સાથે આરંભ થયો તારીખ 11 મેથી 14 મે સુધી આ કાર્યક્રમ શિનોરમાં બ્રહ્માકુમારી પરિષ્ઠા ભવન હોલમાં ચાલનાર છે જેમાં છ વર્ષથી 15 વર્ષના બાળકોને ખુબ સુંદર રીતે તાલીમ આપવામાં આવશે તેઓને મૂલ્ય આધારિત ક્લાસીસ રમતો સાથે મનોરંજન સંગીત અને યોગાસનો આંતરિક સુંદરતાને વધારવા શું કરવું જોઈએ પોઝિટિવ થીંકીંગ આત્મવિશ્વાસ હિંમત ને પોતાના જીવનમાં કેવી રીતે વધારવી રાજયોગ ધ્યાન દ્વારા પોતાની યાદશક્તિને વધારવી એ ઉપરાંત



ચિત્રકલા વેસ્ટ માંથી બેસ્ટ કેવી રીતે બનાવો? આ બધું જ તેઓને સુંદર રીતે શીખવાડવામાં આવશે વ્યસન મુક્તિનો તથા મોબાઈલથી થતા નુકસાનો પર પણ પ્રકાશ પાડવામાં આવશે તો સર્વ શિનોર તાલુકાના માતા પિતાને જણાવવાનું કે તેઓ અવશ્ય આ કેમ્પમાં પોતાના બાળકોને મોકલી આપે અને દિવ્ય સંસ્કારનો સિંચન કરતા કેમ્પનો અચૂક લાભ લે એવી અમારી આપ સર્વને વિનંતી છે.

### SPGની મધ્યસ્થતાથી એટ્રોસીટી કેસમાં સમાધાન

# ડભોઈ તાલુકા પંચાયતના ફોર્મ પરત લેવાની ધમાલની એટ્રોસીટી પરત લેવાઈ

**ડભોઈ તાલુકા પંચાયતની ચૂંટણી બાદ થયેલ એટ્રોસીટી કેસમાં પતાવટ**

(પ્રતિનિધિ) ડભોઈ, તા.11

ડભોઈની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમા તાલુકા પંચાયતની ૨૦ બેઠકો પર ખરાખરીનો ખેલ હતો જેના પડધા જિલ્લા પંચાયત અને નગરપાલિકા ની બેઠક પર પડે એમ હતા તાલુકા પંચાયતની ૨૦ બેઠકો પર કોગ્રેસ ધ્વારા ઉમેદવારો કોઈ પણ જાતની જાહેરાત વગર પડદા પાછળ ગોઠવી તાલુકા પંચાયત પર પંજો જમાવવાની કાચબા ચાલે ગોઠવેલ પણ ફોર્મ ખેચવાની અંતિમ ઘડીઓમા ભાજપ દ્વારા કોગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોના ફોર્મ ખેચી લેવામાં આવતા તાલુકા પંચાયતના પટાંગણના ઈતિહાસમા પહેલી વાર છુટા હાથની મારામારી જોવા મળી હતી જયાં પોલીસ બંદોબસ્ત પણ ચુસ્ત જોવા મળ્યો હતો પણ કયાં ચુક થઈ એ તપાસ નો વિષય પણ બન્યો હતો ડભોઈ તાલુકા પંચાયત ના ૨૦ માંથી કોગ્રેસના ૨ ઉમેદવાર એ ફોર્મ પરત લેતા ભાજપ પહેલેથી જ આગળ નિકળી હતી. આ છુટાહાથની મારામારીના બનાવ બાદ ડભોઈ તાલુકાના કુંઢેલાના આમ આદમી પાર્ટીના ઉમેદવાર મુળજીભાઈ સોમાભાઈ વસાવાએ ૧૫-૪-૨૦૨૬ ના રોજ ડભોઈ કોગ્રેસના પ્રમુખ સુધીર બારોટ, રાકેશ પટેલ, અંકિત બ્રહ્મભટટ, કમલ બારોટ, અક્ષય બારોટ , અજય બારોટ અને શૈલેષ પટેલ સામે એટ્રોસીટીની વિવિધ કલમો લગાડી ગુનો દાખલ કરવામાં આવેલ જે બાદ સાતેક જેટલા કોગ્રેસના કાર્યકરો હાઈકોર્ટેના દ્વાર ખખડાવી એટ્રોસીટીની ફરિયાદ રદ કરવા દાદ માંગેલ જેમાં બે પટેલ યુવાનો હોય સરદાર પટેલ ગ્રુપે ડભોઈના અધિકારીઓ ને એટ્રોસીટીની ખોટી ફરિયાદ છે એવી રજૂઆત કરેલ અને હાઈકોર્ટે મા ફરીયાદી હોસ્ટાઈલ જાહેર થયેલ ફરીયાદી સોગંદનામું રજુ કરી પોતે આરોપી ઓને ઓળખતો નથી એવી રજુઆત અને એસ.પી. જી. ની પણ ભૂમિકા ને લઈ સમાધાન થતા જેમના પર એટ્રોસીટીનો આરોપ લાગેલ તે બધા છૂટી જતાં લોકોમા હાશકારો જોવા મળ્યો હતો.

### અસહ્ય ગરમી અને લૂનો પ્રકોપ: પાદરાના માર્ગો પર બપોરે 'કરફ્યુ' જેવો માહોલ

# પાદરા નગર અને તાલુકામાં કાળઝાળ ગરમીનો કહેર : તાપમાન 43 ડિગ્રી પાર

**મે માસનો 'હોટેસ્ટ ડે': પાદરામાં પારો 44 ડિગ્રીએ પહોંચતા લોકો ઘરોમાં કેદ**

(પ્રતિનિધિ) પાદરા, તા.11

મે માસની અસહ્ય ગરમી વચ્ચે પાદરા નગર અને તાલુકામાં લોકોને ભારે ઉકળાટ અને લૂનો સામનો કરવો પડી રહ્યો છે. રવિવાર બાદ સોમવારે પણ ગરમીનો પારો સતત ઊંચો રહ્યો હતો અને સમગ્ર વિસ્તારમાં સિઝનનો સૌથી ગરમ દિવસ અનુભવાયો હતો.

બપોર દરમિયાન તાપમાન ૪૪ ડિગ્રી નજીક પહોંચતા જાણે



આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. વહેલી સવારથી જ આકરા તાપનો અનુભવ થવા લાગ્યો હતો. બપોર સુધીમાં ધોમધખતા તાપ અને ગરમ પવનોના કારણે લોકો ઘરેથી બહાર નીકળવાનું ટાળી રહ્યા હતા. ખાસ કરીને બપોરના સમયે પાદરા શહેર તેમજ તાલુકાના માર્ગો પર કરફ્યુ જેવી સુમસામ સ્થિતિ જોવા મળી હતી. ગરમીના કારણે લોકો પરસેવે રેબઝેબ થઈ ઉઠ્યા હતા. હવામાન વિભાગના જણાવ્યા મુજબ હવામાં ભેજનું પ્રમાણ ઘટતા ગરમીની અસર વધુ તીવ્ર બની છે. લઘુત્તમ તાપમાનમાં પણ વધારો થતા રાત્રિના સમયે પણ લોકોને ગરમીથી રાહત મળી નહોતી.

અંગ દઝાડતી ગરમીના કારણે કેટલાક રસ્તાઓ પર ડામર પીગળવા જેવી સ્થિતિ સર્જાઈ હતી. અસહ્ય ગરમીના પગલે જનજીવન પર વ્યાપક અસર પડી હતી. વેપારીઓ, રાહદારીઓ અને વાહનચાલકો બપોરના સમયે બહાર નીકળવાનું ટાળી રહ્યા હતા. આરોગ્ય વિભાગ દ્વારા લોકોને હિટ સ્ટ્રોક અને લૂથી બચવા માટે બપોરના સમયે કામ વિના બહાર ન નીકળવા, પૂરતું પાણી પીવા તથા સૂર્યપ્રકાશથી બચવાના ઉપાયો અપનાવવા સલાહ આપવામાં આવી છે. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી દિવસોમાં પણ ગરમીનો પારો ઊંચો રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

### ડભોઈમાં લોટીજીનો ભવ્ય વરઘોડો અને કુંનવારા મહોત્સવ

# શ્રીજીને પલ્લામાં ઝુલાવી નંદ મહોત્સવ ઉજવાયો; વૈષ્ણવોમાં ભારે ઉત્સાહ

(પ્રતિનિધિ) પાદરા, તા.11

દર્ભાવતી-ડભોઇ ખાતે પૂજ્ય શ્રી ડો. વાગીશ કુમારજી મહારાજશ્રીના પાવન સાંનિધ્યમાં ૧૦૮ શ્રી યમુનાજી લોટીજી મહોત્સવ, કુંનવારો અને નંદ મહોત્સવની ભવ્ય અને ધાર્મિક માહોલ વચ્ચે ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન પ્રસંગે મોટી સંખ્યામાં વૈષ્ણવ ભક્તોએ ઉત્સાહભેર હાજરી આપી ધાર્મિક આનંદનો લાભ લીધો હતો. ડભોઈના વૈષ્ણવો દ્વારા ૧૦૮ શ્રી ડો. વાગીશ કુમારજી મહારાજશ્રીનું આન-બાન-શાન સાથે રંગારંગ સ્વાગત કરવામાં આવ્યું હતું. સમગ્ર શહેરમાં ભક્તિમય વાતાવરણ છવાઈ ગયું હતું.





વિવિધ ધાર્મિક કાર્યક્રમો, ભજન-કીર્તન અને જયઘોષથી માહોલ ગુંજી ઉઠ્યો હતો. દ્વારકાધીશ મંદિર ખાતે શ્રીજીને પલ્લામાં ઝુલાવી અનોખો નંદ મહોત્સવ ઉજવાયો હતો. સાથે રાજભોગ દરમિયાન કુંનવારાના દર્શનનો લાભ ભક્તોને મળ્યો હતો. ત્યારબાદ મોટા મંદિરેથી ઝારોલા વાઘા સાથે ૧૦૮ શ્રી યમુનાજી લોટીજીનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો, જેમાં આશરે ૧૬૦ લોટીજી સાથે વૈષ્ણવો ભક્તિભાવપૂર્વક જોડાયા હતા. વરઘોડો શહેરના વિવિધ માર્ગોથી પસાર થઈ દશાલાડ વાડી ખાતે પહોંચ્યો હતો. દશાલાડ વાડી ખાતે પૂજ્ય શ્રી વાગીશબાવાશ્રીએ ઉપસ્થિત ભક્તોને આશીર્વચન પાઠવ્યા હતા તેમજ ધાર્મિક જીવનમાં સેવા, સંસ્કાર અને ભક્તિનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમના અંતે મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આ સમગ્ર મહોત્સવે ડભોઈ શહેરમાં ભક્તિ, એકતા અને ધાર્મિક ઉત્સાહનું અનોખું દ્રશ્ય સર્જ્યું હતું.